# હીરા ઉદ્યોગ માટે ધોળકિયા અને શક્તિસિંહે રાજ્યસભા ગજવી

**કેન્દ્ર** સરકાર રત્નકલાકાર કલ્યાણ બોર્ડની રચના કરી રત્નકલાકારો માટે રાહતો જાહેર કરે : સાંસદ

**હીરા** ઉદ્યોગને આર્થિક સંકટમાંથી બહાર લાવવા કેન્દ્ર સરકાર એક ઉચ્ચ સ્તરીય કમિટી બનાવે: ગોવિંદ કાકા

સુરત: સુરત અને ગુજરાતનાં હીરા ઉદ્યોગની મંદી ગંભીર છે. મંદીથી 2 થી 3 લાખ પરિવારો પ્રભાવિત થયા છે. મોટી સંખ્યામાં રત્નકલાકારો બેરોજગાર બન્યા અને જે રહ્યાં છે એ વેતન કાપ સાથે કામ કરી રહ્યા છે. SRK એમ્પાયારનાં ચેરમેન અને રાજ્યસભાના ભાજપનાં સાંસદ ગોવિંદ ધોળકિયા એ હીરા ઉદ્યોગની મંદી અને રત્નકલાકારોની પીડાને લઈ રાજ્યસભામાં ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલની હાજરીમાં તડાફડી બોલાવી હતી. તેમણે કહ્યું હતું કે, સુરત ડાયમંડ કટિંગ એન્ડ પોલીશિંગનું હબ છે. વિશ્વના 10 માંથી 9 હીરા ગુજરાતમાં બને છે.

આ ઉદ્યોગ સાથે 10 લાખ લોકો જોડાયેલા છે. 50 લાખ લોકોની આજીવિકા હીરા ઉદ્યોગ પર નિર્ભર છે. ઉદ્યોગ ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો છે.

2 થી 3 લાખ પરિવારો મંદીથી પ્રભાવિત થયા છે. ગોવિંદ ધોળકિયાએ રાજ્યસભામાં ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી તરફ જોઈ અપીલ કરી હતી કે, સરકારે આ ઉદ્યોગને આર્થિક સંકટમાંથી બહાર લાવવા એક ઉચ્ચ સ્તરીય કમિટી બનાવવી જોઈએ.

ગોવિંદ ધોળકિયાએ આ ચર્ચાની શરૂઆત સંસ્કૃતના શ્લોકથી કરી હતી. જે સાંભળીને રાજ્યસભાના સાંસદો સ્તબ્ધ થઈ ગયા હતા. જો કે તેમણે ખૂબ જ આગવી અદામાં હીરા ઉદ્યોગની રજૂઆત કરી હતી. જો કે, આ ચર્ચા દરમિયાન મંત્રી પિયુષ ગોયલે પણ આ બંનેની વાત ધ્યાનથી સાંભળી હતી.



### પિયૂષ ગોયલ મારી સાથે આવી સુરતમાં રત્નકલાકારોને ઓપન હાઉસમાં સાંભળે: શક્તિસિંહ ગોહિલ

રાજ્યસભામાં ભાજપના સાંસદ પછી કોંગ્રેસનાં ગુજરાતના સાંસદ શક્તિસિંહ ગોહિલે કેન્દ્રનાં ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલને સંબોધતા કહ્યું હતું કે,હીરા ઉદ્યોગ ને રત્નકલાકારોની હાલત ખરાબ છે.તમે મારી સાથે સુરત ચાલો,સુરતમાં રત્નકલાકારોને ઓપન હાઉસમાં સાંભળો,રત્નકલાકારો પાસે જઈ પૂછો એમને કામ મળે છે?રત્નકલાકારો એ બેરોજગારોને લીધે આત્મહત્યાઓ કરી છેકે નહીં?આ મુદ્દે કોઈને રાજકારણ કરવું નથી. આપણે સીધા ઓપન હાઉસમાં તેઓને સાંભળીયે,સરકારે પેહલા સ્વીકારવું પડશે કે,હીરા ઉદ્યોગમાં સમસ્યા છે.સ્થિતિ ખરાબ છે.પછી જ એનો ઉકેલ આવશે. શક્તિસિંહે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં 7100 મિલિયન યુએસ. ડોલરનો એક્સપોર્ટ ઘટ્યો છે.આ મોટો આંકડો છે.આ આંકડો પ્રશ્નોત્તરીમાં સત્તાવાર ભારત સરકારે આપ્યો છે.જૂતો કરડે છે કે નહીં એ પહેરનારને ખબર પડે,પિયુષભાઇ તમે સુરત પધારો,તારીખ આપો, આપણે ત્યાં જઈએ.

### રાજ્યસભામાં ગોવિંદ ધોળકિયાએ ઉદ્યોગ મંત્રી સમક્ષ આ માંગણી કરી

- ગુજરાત શ્રમ યોજી કલ્યાણ બોર્ડની તર્જ પર કેન્દ્ર સરકાર રત્નકલાકાર કલ્યાણ બોર્ડ બનાવે, જે રત્નકલાકારોનાં સ્વાસ્થ્ય, વીમા, બાળકોના શિક્ષણ અને ભવિષ્યની સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરે
- કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ આપવા સરકારના જુદા જુદા વિભાગો વિશેષ અભિયાન ચલાવે.
- રત્નકલાકારોને તાત્કાલિક વ્યવસાય વેરામાંથી મુક્તિ આપે
- રત્નકલાકારોને ઓછા વ્યાજદરની લોન આપે,જે રત્નકલાકારો એ લોન લીધી છે,એમને વ્યાજ દરમાં રાહત આપે.
- હીરા ઉદ્યોગને સંકટમાંથી બહાર કાઢવા સરકાર એક ઉચ્ચ સ્તરીય કમિટી બનાવે

### રાજ્યસભામાં સુરતના હીરા ઉદ્યોગને રાહત આપવા શક્તિસિંહ ગોહિલની માંગણીઓ

- જોબ લેસ રત્નકલાકારોને સરકાર ESIC ફંડમાંથી નાણાકીય સહાય કરે,સરકાર એ આપવા માંગે છે કે નહીં એ જાહેર કરે,
- G7 દેશોના અંકુશો દૂર કરવા સરકાર શું કરી રહી છે.ડાયમંડ ટ્રેસિંગ સિસ્ટમ બેલ્જિયમમાં શરૂ થઇ છે.એમાં દખલ આપે
- ગુજરાત સરકારને રત્નકલાકારો પર લાગુ વ્યવસાય વેરો રદ કરવા જણાવે
- સરકાર સુરતમાં મંદી,બેરોજગારીથી અસરગ્રસ્ત રત્નકલાકારોને સાંભળવા ઓપન હાઉસ રાખે.
- બધું જ બરાબર છે એમ ખોટી માહિતી ન આપો. હીરા ઉદ્યોગની સ્થિતિ ખરાબ છે એવું સરકાર સ્વીકારે અને રાહત પેકેજ જાહેર કરે

# લેબ-ગ્રોન હીરા ઉદ્યોગ માટે વધારાના નિયમોની જરૂર નથી: પીયૂષ ગોયલ

**લેબ-ગ્રોન** હીરા માટે નવી ટેક્નોલોજી વિકસાવવા માટે સરકારે આઈઆઈટી મદ્રાસમાં સંશોધન માટે રૂ. 242 કરોડ મંજૂર કર્યા

નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ): વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે શુક્રવારે લેબ-ગ્રોન હીરા ઉદ્યોગ માટે વધારાના નિયમોનો ઈનકાર કર્યો હતો, અને કહ્યું હતું કે આ સેકટર હાલના સ્વ-નિયમનકારી માળખા હેઠળ વિકાસ પામ્યું છે.

રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન બોલતા, મંત્રીએ કહ્યું કે કુદરતી હીરા માટે કિમ્બર્લી પ્રોસેસ સર્ટિફિકેટ આંતરરાષ્ટ્રીય બજારોમાં વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે.

'જ્યાં પણ અમે છૂટ આપી છે, ત્યાં ઉદ્યોગનો વિકાસ થયો છે. આ માટે વધુ નિયમન લાવવાનું ઉદ્યોગના હિતમાં નથી', એમ ગોયલે કહ્યું.

તેમણે ધ્યાન દોર્યું કે કિમ્બર્લી પ્રોસેસ કુદરતી હીરા માટે આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર પ્રદાન કરે છે, જ્યારે લેબ-ગ્રોન અને કુદરતી હીરા માટે અલગ પ્રમાણપત્ર પ્રણાલીઓ અસ્તિત્વમાં છે.

મંત્રીએ કહ્યું હતું કે સરકાર ઉદ્યોગના હિતધારકો સાથે નિયમિત રીતે ચર્ચા કરે છે અને સ્વ-નિયમનને મંજૂરી આપી છે જે અસરકારક સાબિત થયું છે.

ગોયલે એમ પણ જણાવ્યું હતું કે લેબ ગ્રોન હીરા એક રીતે સમગ્ર વિશ્વમાં ભારતની તાકાત બની ગયા છે અને દેશ તેમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી રહ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે સરકારે લેબ-ગ્રોન હીરા માટે નવી ટેકનોલોજી વિકસાવવા માટે આઈઆઈટી મદ્રાસમાં સંશોધન માટે રૂ. 242 કરોડ પણ મંજૂર કર્યા છે.

વધુમાં, મંત્રીએ જણાવ્યું હતું કે મુંબઈમાં એક નવું રત્ન અને ઝવેરાત કેન્દ્ર સ્થાપિત કરવામાં આવી રહ્યું છે, જે ગુજરાતના સુરતમાં હાલના કેન્દ્ર કરતા પણ મોટું હશે.

# મેયર અને ચેરમેન એક વર્ષ પહેલા નોંધ મૂકીને ઊંઘી ગયા હતા?

**ખોટો** રિપોર્ટ આપનાર અધિકારીઓ સામે શું કાર્યવાહી થશે?

સુરત: સુરતમાં તક્ષશીલા કાંડ અને અને ગટરમાં પડી જવાને કારણે અગાઉ પણ મોત થઇ ગયા હોવા છતાં પદાધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. તક્ષશીલા, રાજકોટ અગ્નિકાંડ અને હરણી બોટ કાંડ પછી જે રીતના નાટકો સુરતના અધિકારીઓ અને પદાધિકારીઓએ કર્યા હતાં તેવા જ નાટક ફરી શરૂ થઇ ગયા છે. વહીવટી તંત્ર અને પદાધિકારીઓએ ફરી એક બીજાને ખો આપવાનું શરૂ કર્યું છે. સુરત મનપાના વહીવટીતંત્ર પર શાસકોએ કાબૂ ગુમાવી દીધો હોય તેવી પરિસ્થિતી છે. કેમકે વરસાદી ગટરમાં ગટર લાઇનના ગેરકાયદે કનેકશનોના શોધીના કાપવા માટે મેયર અને સ્થાયી ગટર સમિતિ ચેરમેન દ્વારા એકાદ વર્ષ પહેલા જ નોંધ મુકીને ઉંઘી ગયા હતાં? તે સમયે જે તે ઝોનના અધિકારીઓએ કાગળ પર કામગીરી બતાવી મોટી સંખ્યામાં ગેરકાયદે ગટર જોડાણો કાપી નાંખ્યા હોવાનો રીપોર્ટ આપી દીધો હતો. પરંતુ મોટા ભાગના ગેરકાયદે જોડાણો હજુ વરસાદી ગટરમાં છે. જેના કારણે કેદાર જે વરસાદી ગટરમાં પડયો તેમાં પાણીનું વહેણ હતુ અને તણાઇને મોત મોત પામ્યો. જો મેયરે આપેલી સુચના વખતે અધિકારીઓએ કામ કર્યુ હોય તો કદાચ કેદાર બચી ગયો હોત, જો કે શાસકોને અધિકારીઓ ભાજીમુળા સમજતા હોય મેયર કે અન્ય કમિટિ ચેરમેન કે નગરસેવકોની કોઇ ફરિયાદને ગંભીરતાથી લેવાતી નથી.



(તસવીર : સતીષ જાદવ)

# માસૂમ કેદાર જેમાં પડ્યો હતો તે ગટરમાં મેયરનું પૂતળું બનાવી નાંખવાનો પ્રયાસ

સુરત: સુરત મનપાના તંત્ર વાહકોની દેખીતી બેદરકારીથી માસુમ કેદાર મોતને ભેટ્યો છે. તેના પડઘા શહેરભરમાં પડ્યા છે. સુરત મનપાના અધિકારીઓ અને તેના પરથી કાબુ ગુમાવી ચુકેલા શાસકો સામે ભારે રોષની લાગણી સપાટી પર આવી છે.

જેના ભાગ રૂપે વરિયાવ વિસ્તારમાં ઢાંકણું ન હોવાથી ખુલ્લી ગટરમાં પડી જતાં કેદારનું મોત નીપજ્યું ત્યાં આમ આદમી પાર્ટી દ્વારા ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

તો શુક્રવારે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ દ્વારા તે જગ્યા પર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કેદાર જે ગટરમાં પડ્યો હતો ત્યાં મેયરનું પૂતળું બનાવી ઢાંકણામાં ફેંકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે પોલીસે બધાની અટક કરી લઇ આ પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.

એનએસયુઆઇના સુરત શહેરના પ્રમુખ ધીરેન્દ્રસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, જે ગટરમાં બાળક પડ્યું હતું તે જ ગટરની અંદર આજે અમે સુરત શહેરના મેયરનું પૂતળું બનાવીને નાંખવાનો પ્રયાસ કર્યો હતો. આવા નિષ્ઠુર શાસકોને પ્રજાએ જાકારો આપી દેવો જોઈએ. મેયર ક્રિકેટ રમવામાં અને ડેપ્યુટી મેયર લગ્ન પ્રસંગમાં વ્યસ્ત હતા. શાસકો પોલીસને આગળ ધરી દે છે અને અમારી અટકાયત કરી લે છે.

### જુદાં જુદાં દહેરાસરોમાં આંગી દર્શન શરૂ થઇ ગયાં





■ શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલા દહેરાસરોમાં ભગવાન મહાવીરની આંગીના દર્શન શરૂ થઇ ગયા છે. જેમાં રત્ન ચિંતામણી દહેરાસરમાં ભવ્ય આંગી થઇ હતી જ્યારે માણીભદ્ર દહેરાસરમાં હવનનું આયોજન થયું હતું. (તસવીર : સતીષ જાદવ)

# ગોડાદરામાં 11 વર્ષીય બાળકીની છેડતી કરનારા નરાધમને પોલીસે દબોચી લીધો

**માતા** સાથે પરિચય હોવાથી નરાધમ બે મહિનાથી ઘરે આવી બાળકીની છેડતી કરતો હતો, દુષ્કર્મના પ્રયાસ સાથે જાનથી મારવાની ધમકી પણ આપી હતી

સુરત: શહેરના ગોડાદરા વિસ્તારમાં રહેતી ૧૧ વર્ષની બાળકીની છેડતી કરી, દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કરનાર માતાના પરિચિત આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપીએ સતત બે મહિનાથી બાળકી પર નજર બગાડી હતી. એટલું જ નહીં, બાળકીને જાનથી મારી નાંખવાની ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કર્યો હતો. બાળકીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ માતાને કરતા તેણે આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

શહેરના ગોડાદરા વિસ્તારમાં માતા અને દાદા-દાદી સાથે રહેતી ૧૧ વર્ષીય કિશોરી ૨૯ વર્ષીય યુવકના શારીરિક ત્રાસનો ભોગ બની હોવાની ફરિયાદ ગોડાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પીડિત સગીરાની માતાએ પોલીસને જણાવ્યું હતું કે તેમનો પરિચિત ગણેશ પોપટભાઈ ઠાકરે (રહે. દતાત્રેયનગર, લીંબાયત) છેલ્લા બે મહિનાથી ઘરે આવી તેમની બાળકી સાથે છેડતી કરતો હતો. નરાધમ બાળકીને ઘરના રસોડામાં લઈ જઈ તેની સાથે શારીરિક સ્પર્શ કરી અને દુષ્કર્મ કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. બાળકીને જો આ વાત કોઈને કહેશે તો તેની માતા અને દાદીને જાનથી મારી નાંખવાની આરોપીએ ધમકી આપી હતી.

ઘટનાથી ડઘાઈ ગયેલી બાળકીએ તેની સાથે બનેલી ઘટના અંગે માતાને માહિતગાર કરી હતી. જેથી ગોડાદરા પોલીસે ગુનો નોંધ્યા બાદ આરોપી ગણેશ પોપટભાઈ ઠાકરેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે સુરતમાં ખાસ કરીને પરપ્રાંતિય વિસ્તારમાં આ પ્રકારની ઘટનાઓમાં ગંભીર રીતે વધારો થઈ રહ્યો છે ખાસ કરીને નાની બાળકીઓ પર અત્યાચાર વધી રહ્યો છે.

### કામ નહીં મળતાં પત્ની પિયર જતી રહી, તો વેલંજાના ઈલેક્ટ્રિશિયને આપઘાત કરી લીધો

સુરત: વેલંજાના ઈલેક્ટ્રિશિયનને યોગ્ય કામ નહીં મળતા પત્ની પિયરે જતી રહી હતી. જેથી ઈલેક્ટ્રિશિયને ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી.

મળતી માહિતી અનુસાર, મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના વતની રોહિત રમેશભાઈ હિદડ (30 વર્ષ) હાલ વેલંજા ઉમરાગામમાં શિવાંજલી રો-હાઉસમાં પત્ની સાથે રહેતો હતો. રોહિત ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રોહિતને છેલ્લા ઘણાં સમયથી યોગ્ય કામ મળતું ન હતું. જેથી પત્ની પિયરમાં રહેવા જતી રહી હતી. ગુરુવારે રાત્રે રોહિતે ઘરમાં ઝેર પી લીધું હતું. જેથી તેને સારવાર માટે સાયણ જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન રોહિતનું શુક્રવારે સવારે મોત નિપજ્યું હતું.

### કાપોદ્રામાં ઘરકંકાસથી કંટાળેલા આધેડે 'શાંતિકુંજ ગાર્ડન'માં ઝાડની ડાળી સાથે ફાંસો ખાધો

સુરત: કાપોદ્રામાં આધેડે ઘરકંકાસથી કંટાળી શાંતિકુંજ ગાર્ડનમાં ઝાડની ડાળી સાથે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. કાપોદ્રા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ઓરિસ્સાના ગંજામના વતની અને હાલ કાપોદ્રાના શ્રીરામનગરમાં 53 વર્ષીય જગન્નાથ માંગેલા ભુયાલે ઘરકંકાસથી કંટાળી શુક્રવારે બપોરે ઘર નજીક આવેલા શાંતિકુંજ ગાર્ડનમાં જઈ ઝાડની ડાળી સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# મમ્મી-પપ્પા અમારાં નાના ભાઈ-બહેનને વધુ પ્રેમ કરે અને અમને મારઝૂડ

**મુંબઇથી** ભાગીને આવેલાં બે બાળકોનું માતા-પિતા સાથે મિલન કરાવતી મહિલા રેલવે પોલીસ

સુરત: મુંબઈના 12 વર્ષના બે બાળક ઘરેથી સ્કૂલે જવાનું કહીને ટ્રેનમાં બેસીને સુરત આવી ગયા હતા. જેને સુરત મહિલા રેલવે પોલીસે માતા પિતા સાથે મુલાકાત કરાવી હતી.

સુરત રેલવે પોલીસ ઈન્સ્પેક્ટર એચ.ડી વ્યાસના સૂચના અને માર્ગદર્શન હેઠળ મહિલા એએસઆઈ મનીષા મધુકરને શુક્રવારે સુરત રેલવે સ્ટેશન પર 12 વર્ષના બે બાળક પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાંથી નીચે ઉતરતા દેખાયા હતા. જો કે તેમની પૂછપરછમાં શંકા ગઈ હતી. ત્યારબાદ કૂનેહથી પૂછતા તેમણે માતા પિતા મારઝૂડ કરતા હોવાથી ભાગી આવ્યા હોવાનું જણાવ્યું હતું. સુરત પોલીસે તેમની માતા પિતા સાથે મુલાકાત કરાવી હતી.



### પોકેટમની ગલ્લામાં ભેગા કર્યા ને તેની સાથે માતાનો મોબાઈલ પણ લઈને ભાગ્યા

બન્ને કિશોરો વાલીવારસોના મોબાઇલ નંબર માગતા યાદ નથી તેમ જણાવતા હતા. જેથી બંનેની સ્કૂલ બેગ ચેક કરતા તેમાં પૈસાના બે ગલ્લા (ગુલ્લક) મળી આવ્યા હતા. જે ગુલ્લક વિશે કિશોરોએ જણાવ્યું હતું કે, તેઓના માતાપિતા સ્કૂલે જવા માટે પોકેટમની આપતા હતા, તે પૈસા આ ગુલ્લકમાં જમા કર્યા છે, જે લઈને ભાગીને આવી ગયા છીએ. સ્કૂલ બેગમાંથી મોબાઇલ મળી આવતા મોબાઇલ વિશે પૂછપરછ કરતા તેમની માતાનો મોબાઇલ ફોન લઇને આવ્યા હોવાનું જણાવ્યું હતું. બંનેના વાલીવારસોનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે, બપોરના સ્કૂલેથી ઘરે નહીં આવતા તેઓના સગા-સંબંધી, મિત્ર વર્તુળમાં તપાસ કરતા નહીં મળી આવતા નિર્મલનગર પોલીસ સ્ટેશન જઇ તેઓના દીકરાઓ ગુમ થયા અંગેની જાણ કરતા હતા.

# મનપાના પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલમાં ફટાકડા ફોડનારને 20 હજારનો દંડ ફટકારાશે

**લગ્નપ્રસંગમાં** દીકરીની વિદાય માટે રાત્રે વધુ 2 કલાકની છૂટછાટ આપવા પણ નિર્ણય



સુરત: સુરતમાં ખાનગી પાર્ટી પ્લોટના ભાડાઓ ખૂબ વધુ હોય, સામાન્ય લોકો ઓછા ભાડા દરમાં પ્રસંગ કરી શકે તે માટે શહેરમાં વિવિધ વિસ્તારોમાં પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલ સાકાર કરવામાં આવ્યા છે.

મનપાના જુદા જુદા ઝોનમાં પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલ માટે નીતિ નિયમોમાં નજીવા ફેરફાર હતા, પરંતુ હવે મનપાના હયાત તમામ પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલ તેમજ રાંદેર, કતારગામ અને વરાછા ઝોન-બીમાં નવા સાકાર થઈ રહેલા પાર્ટી પ્લોટના તમામના નીતિ નિયમો એકસરખા રહેશે. ભાડાના દરમાં પણ એકરાગિતા જળવાઈ રહે તે માટે ઝોનમાં જે તે વિસ્તારોમાં જંત્રી અને પાર્ટી પ્લોટના એરિયા (ક્ષેત્રફળ)ના હિસાબે ભાડાના દરો નક્કી કરાયા છે. આ માટેની દરખાસ્ત શાસકો સમક્ષ મૂકવામાં આવી હતી, જેને સ્થાયી સમિતિમાં મંજુરી આપવામાં આવી છે. પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલમા સાંજના સમયે 5 થી 12 સુધીનો સમય આપવામાં આવે છે, પરંતુ ઘણાં સમાજોમા દીકરીની વિદાય રાત્રે 12 વાગ્યા પછી કરવાનો રીવાજ હોવાથી, આ સમય માટે ઘણીવાર મનપા સાથે ઘર્ષણ થતું હોય છે. જેથી રાત્રે વધુ 2 કલાકનો સમય આપવાનું નક્કી કરાયું છે, તેમ સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું.

મનપાના પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલમાં પ્રસંગ કરનારાઓ માટે મનપા દ્વારા ગાઈડલાઈન નક્કી કરી દેવામાં આવી છે. જો આ નીતિ નિયમો અનુસરવામાં નહીં આવશે તો મનપા દ્વારા પેનલ્ટી વસુલાશે. ઘણાં લોકો દ્વારા પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલના પરિસરમાં ફટાકડા ફોડવાની મનાઈ હોવા છતા ફટાકડા ફોડવામાં આવતા હોય, મનપા દ્વારા હવે તેઓને 20,000નો દંડ ફટકારાશે. તેમજ રાત્રે 5 થી 12 વાગ્યા સુધી જ હોલ કે પાર્ટી પ્લોટ આપવાનું નક્કી કરાયું હતું, પરંતુ લગ્નવિધિ બાદ મંડપ, લાઈટીંગ વગેરે માટે સમય જોઈતો હોય, વધુ 2 કલાકનો સમય આપવામાં આવશે, જેથી અન્ય વિદાય વિધિ પણ થઈ જાય તે હેતુસર સમયમર્યાદા વધારવાનુ નક્કી કરાયું છે, તેમ સ્થાયી અધ્યક્ષે જણાવ્યું હતું.

### બાટલીબોયનો 30 વર્ષીય શ્રમજીવી યુવક હાર્ટએટેકના ખપ્પરમાં હોમાયો

સુરત: બાટલીબોય ખાતે રહેતો યુવક જમીને સુઈ ગયા બાદ તે ફરી ઉઠ્યો ન હતો. તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કર્યો હતો. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ પાંડેસરા GIDC બાટલીબોય રોડ પર રહેતા 30 વર્ષીય સુભાષ જગદીશપ્રસાદ અગ્નિહોત્રી ડાઈંગ પ્રિન્ટિંગ મિલમાં નોકરી કરીને વતનમાં રહેતા પરીવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે બપોરે સુભાષ નોકરી પરથી આવીને જમીને સૂઈ ગયો હતો. ત્યારબાદ સાંજે તેને ઉઠાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા, પરંતુ તે ઉઠ્યો ન હતો. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. સુભાષનું મોત હાર્ટએટેકથી થયું હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.


### સ્વચ્છતામાં નંબર વનનો છોગો ખોંસીને ફરતી મનપા પોતાની જ હોસ્પિટલની સફાઈ મુદ્દે બેદરકારીમાં નંબર વન

# સ્મીમેરમાં ટોઈલેટનું મેલું પાણી બેક મારતાં નર્કાગારની સ્થિતિ

**રોગ** ભગાડવા આવતાં લોકોને નવી બીમારી અભડાઈ જવાની ભીતિ

સુરત: સુરત મહાનગરપાલિકા (SMC) સમગ્ર શહેરને સ્વચ્છ રાખવા માટે અનેક પ્રયાસો કરે છે, પરંતુ તેની જ સ્મીમેર હોસ્પિટલમાં ભયંકર ગંદકી જોવા મળી રહી છે. હોસ્પિટલના ટોયલેટો માટે યોગ્ય સફાઈની વ્યવસ્થા ન હોવાના કારણે ત્યાં નર્કાગાર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. સ્મીમેર હોસ્પિટલના ટોયલેટમાં જોવા મળતી ગંદકીના કારણે હોસ્પિટલની સફાઈ કામગીરી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્મીમેર હોસ્પિટલમાં રોજ હજારોની સંખ્યામાં દર્દીઓ અને તેમના સગાઓ આવતા હોય છે. તેમજ સંખ્યાબંધ દર્દીઓ દાખલ થઈને સારવાર પણ લઈ રહ્યા છે. ત્યારે તેઓની પ્રાથમિક સુવિધાની વાત કરીએ તો સ્મીમેર હોસ્પિટલમાં તેના નામે મીંડું જોવા મળી રહ્યું છે. હોસ્પિટલના અનેક વિસ્તારમાં પાન-માવા, ગુટખા ખાઈને પિચકારીઓ મારેલી જોવા મળી રહી છે. તો ટોયલેટ બાથરૂમમાં ગટરીયા પાણી બેક મારી રહ્યા છે. જેથી લોકોમાં બીમારીનો ભય જોવા મળી રહ્યો છે.





# સ્ટ્રીટલાઈટ મેઈન્ટેનન્સના ઈજારદારોને હાઈડ્રોલિક પ્લેટફોર્મ ફરજિયાત વસાવવા શાસકોનો આદેશ

**વર્ક** ઓર્ડર મળ્યાના એક માસમાં આરસી બુક સાથે સ્થાયી સમિતિ ચેરમેનને હાઇડ્રોલિક પ્લેટફોર્મના પુરાવા રજૂ કરવા પડશે

સુરત: શહેરમાં સ્ટ્રીટલાઈટની કામગીરી કરતા ઈજારદારોએ હાઈડ્રોલિક પ્લેટફોર્મ રાખવાનું હોય છે, પરંતુ ઈજારદાર બે ઝોન વચ્ચે એક કે પછી ભાડેથી હાઈડ્રોલિક પ્લેટફોર્મ રાખતા હોવાનું શાસકોના ધ્યાને આવ્યું હતું. જેથી હવે ઈજારદારને વર્કઓર્ડર ઈસ્યુ કર્યા બાદ સબઝોન દીઠ રાખવાના થતા હાઈડ્રોલિક પ્લેટફોર્મ માટે એક માસમાં આરટીઓ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી તમામ ઈજારદારોના સબઝોન દીઠ આરટીઓ રજીસ્ટ્રેશનના આરસી બુક સહિતના દસ્તાવેજી પુરાવા સહિતનો રીપોર્ટ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવા માટે સુચના આપવામાં આવી છે. તે ઉપરાંત સુરત મહાનગરપાલિકાના વિવિધ સબઝોનમાં સ્ટ્રીટલાઈટના મેઈન્ટેનન્સ માટે લોએસ્ટ ભાવ આપનાર ઈજારદાર વિજય ચંદુ પટેલે 6 સબઝોનમાં લોએસ્ટ ભાવ આપ્યો હતો. ટેન્ડર ક્લોઝ મુજબ એક ઈજારદારને બે થી વધુ સબઝોનમાં કામ ન આપી શકાતું હોય, તેઓની અઠવાના સબઝોન 1 અને 2 માટે પસંદગી કરવામાં આવી હતી.

### વેસુમાં નવી બંધાતી બિલ્ડિંગમાં ત્રીજા માળેથી નીચે પટકાતાં યુવકનું મોત

સુરત: મધ્યપ્રદેશના વતની રેવસિંહ બરજીયા ગોરસે (ઉ.વ.42) હાલ વેસુ વિસ્તારમાં આગમ સિદ્ધિ એપાર્ટમેન્ટ નામની નવી બંધાતી બિલ્ડિંગમાં રહેતો હતો અને ત્યાં જ કલરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે રાત્રે રેવસિંહ બિલ્ડિંગમાં ત્રીજા માળે સૂઈ ગયા હતા. મધરાત્રે તે લઘુશંકા કરવા માટે ઊઠ્યો હતો. દરમિયાન ઊંઘમાં તે ત્રીજા માળેથી નીચે પટકાયો હતો.